# વીસરાયેલી ક્ષણો ફેબ્રુ – ૨૦૧૬

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧ ફેબ્રુ | | ભારતે ઓસ્ટ્રેલિયાને તેની ધરતી પર છેલ્લા ૧૪૦ વર્ષમાં પહેલીવાર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સિરિઝ ટી ૨૦ માં વ્હાઈટ વોશ કરવાનું અને ઈતિહાસ રચવાનું ગૌરવ મેળવ્યું. |
| ૨ ફેબ્રુ | | કેરલ રાજયના કોઝીકોડ ખાતે વિશ્વ આયુર્વેદ મહોત્સવની શરૂઆત કરવામાં આવી. આ મહોત્સવનું દર બે વર્ષે આયોજન કરવામાં આવે છે. |
| ૩ ફેબ્રુ | | ભરતીય તટ રક્ષક દળના ૪૦ મા કોસ્ટગાર્ડ રાઈઝીંગ ડે ની ગાંધીનગર ખાતે ઉજવણી કરવામાં આવી. ભારતીય કોસ્ટગાર્ડ વિશ્વનું ચોથા નંબરનું સૌથી મોટું કોસ્ટગાર્ડ છે. |
| ૪ ફેબ્રુ | | વિશ્વમાં પહેલી વખત ઝિકા વાયરસ રસીની શોધ ભારતે કરી. આ રસીની શોધ હૈદરાબાદની ભારત બાયોટેક કંપનીએ કરી છે. ઝિકા વાયરસ એડિસ મચ્છર દ્વારા ફેલાતો હોય છે. |
| | | વિશાખાપટ્ટનમના દરિયામાં રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને કેન્દ્રીય પ્રધાનોની હાજરી વચ્ચે ચાર દિવસીય ઈન્ટરનેશનલ ફ્લિટ રિવ્યુની શરૂઆત થઈ. આ કાર્યક્રમમાં વિશ્વના ૫૦ જેટલા દેશોએ ભાગ લીધો. |
| ૫ ફેબ્રુ | | વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેરિટાઈમ હેરિટેજ ઓફ ઈન્ડિયા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. |
| ૬ ફેબ્રુ | | ગુજરાત રાજયના શિક્ષણ વિભાગને રાષ્ટ્રપતિના હસ્તે બેસ્ટ ઈલેકટ્રોરલ પ્રેકટિસીસ એવોર્ડ ફોર ગવર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ અંગેનો વર્ષ ૨૦૧૫ નો નેશનલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ એવોર્ડ મતદાર જાગૃતિ અને કેળવણી કાર્યક્રમનો રાજયની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં અમલ કરવા બદલ તેમજ ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાનમાં લઈ ભારત સરકારના ચૂંટણી પંચ તરફથી આપવામાં આવ્યો છે. |
| ૭ ફેબ્રુ | | ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે દસ દિવસના સ્વદેશી મેળાની શરૂઆત થઈ. |
| ૮ ફેબ્રુ | | ઓડિસાના પારાદીપ ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનની રીફાઈનરીનું વડાપ્રધાન નરેન્દ્રમોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. |
| ૯ ફેબ્રુ | | વર્ષઃ ૨૦૧૫/૧૬નો ભારત રત્ન પંડિત ભીમસેન જોષી શાસ્ત્રીય સંગીત પુરસ્કાર પંડિત રામનારાયણને આપવામાં આવ્યો. આ પુરસ્કાર અંતર્ગત પાંચ લાખ રૂપિયા, ટ્રોફી અને સન્માન પત્ર એનાયત કરવામાં આવે છે. |
| ૧૦ ફેબ્રુ | | ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે બેલાબેન ત્રિવેદીએ શપથ લીધા. |
| | | કેન્દ્ર સરકાર દ્વારા પર્યટન વિભાગની માહિતી માટે આંતરરાષ્ટ્રીય ૧૨ ભાષાઓમાં ૨૪×૭ ટોલ ફ્રી નંબર૧૮૦૦૧૧૧૩૬૩ ની શરૂઆત કરવામાં આવી. |
| ૧૧ ફેબ્રુ | | ઉતરાખંડ રાજયના દેહરાદુન ખાતે તારીખ – ૫ થી ૮ ફેબ્રુઆરી દરમ્યાન રાષ્ટ્રીય આરોગ્ય મેળા – ૨૦૧૬ નું આયોજન કરવામાં આવ્યું. |
| | | ભારતીય રેલવે બોર્ડના નવા સચિવ તરીકેનો પદભાર આર.કે.વર્મા એ સંભાળ્યો. આ પહેલાં તેઓ રેલ રાજય મંત્રીના સલાહકાર તરીકે કાર્ય કરતા હતા. |
| ૧૨ ફેબ્રુ | | ભારતીય ઉર્જા સંસાધન સંસ્થાના અધ્યક્ષ તરીકે અશોક ચાવલાની નિમણૂંક કરવામાં આવી. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧૩ ફેબ્રુ | | બ્રહ્માંડમાં ફેલાયેલા ગુરુત્વાકર્ષીય તરંગો શોધવામાં વિજ્ઞાનીઓને સફળતા મળી. IIT ગાંધીનગરના પ્રોફેસર આનંદ સેનગુપ્તાની આગેવાનીમાં ટીમે ગ્રેવિટેશનલ વેવ્ઝની શોધમાં મહત્વની ભૂમિકા ભજવી. |
| ૧૪ ફેબ્રુ | | મહારાષ્ટ્ર રાજયના મુંબઈ ખાતે મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમ એક સપ્તાહ સુધી ચાલશે. |
| ૧૫ ફેબ્રુ | | ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે આર.સુભાષ રેડ્ડીની નિમણૂંક કરવામાં આવી. |
| ૧૬ ફેબ્રુ | | કેન્દ્ર સરકારે સ્વચ્છતા અભિયાન અંતર્ગત દેશના સૌથી સ્વચ્છ અને ગંદા શહેરોની યાદી જાહેર કરી તે મુજબ કર્ણાટક રાજયનું મૈસુર શહેર દેશનું સૌથી સ્વચ્છ શહેર બન્યું. ટોપ ટેન માં ગુજરાતના સુરતનો છઠ્ઠા નંબરે અને રાજકોટનો સાતમા નંબરે પસંદગી કરવામાં આવી. ઝારખંડનું ધનબાદ સૌથી ગંદું શહેર તરીકે જાહેર થયું. |
| | | ગુજરાતના ભૂતપૂર્વ ચીફ સેક્રેટરી ડી.જે.પાંડિયનને ભારત સરકાર એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક AIIB ના વાઈસ પ્રેસિડેન્ટ અને ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર તરીકે નિયુકત કર્યા. |
| ૧૭ ફેબ્રુ | | કેન્દ્ર સરકારે હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) ના નવા અધ્યક્ષ અને પ્રબંધક નિર્દેશક (CMD) તરીકે એમ.કે.સુરાનાને નિયુકત કરવામાં આવ્યા. |
| ૧૮ ફેબ્રુ | | સંસ્કૃત, તમિલ, તેલુગુના નિષ્ણાત પ્રો.ડેવિડ સુલેમાનને ઈઝરાયલનો ઈન્ડોલોજી એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી. તેઓ ફિલોસોફી અને ધર્મની બાબતમાં વિશેષ જ્ઞાતા છે. |
| ૧૯ ફેબ્રુ | | ગ્લોબલ વિન્ડ એનર્જી કાઉન્સિલના રિપોર્ટ અનુસાર પવન ઉર્જા ઉત્પાદનમાં ભારત વિશ્વમાં ચોથા ક્રમે છે. જયારે ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે છે. |
| ૨૧ ફેબ્રુ | | વડાપ્રધાન નરેન્દ્રમોદી દ્વારા છત્તીસગઢમાં 'રૂર્બન મિશન' નામની યોજના શરૂ કરવામાં આવી. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દેશભરમાં ૩૦૦ ગામ બનાવશે. |
| ૨૨ ફેબ્રુ | | વર્લ્ડ બેંકના કેલેન્ડર માટે વડોદરાની આર્ટિસ્ટ જીજ્ઞાસા ઓઝાના પેઈન્ટિંગની પસંદગી કરવામાં આવી. તે કોમનવેલ્થ અને એશિયા પેસિફિક એવોર્ડ પણ જીતી ચૂકી છે. |
| ૨૩ ફેબ્રુ | | રાષ્ટ્રિય માનવાધિકાર પંચના વડા તરીકે પૂર્વ ચીફ જસ્ટીસ હંડયાલા લક્ષ્મીનારાયણ સ્વામી દત્તુની નિમણૂંક કરવામાં આવી. |
| ૨૪ ફેબ્રુ | | ગુજરાત સરકારે ઈન્દુચાચાની સ્મૃતિમાં ૨૦૧૬–૧૭ નું વર્ષ 'યુવા વિકાસ વર્ષ' તરીકે ઉજવવાની જાહેરાત કરી. |
| | | 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના' અંતર્ગત પ્રથમ વર્ષે ૩૦૦ ગામોને 'સ્માર્ટ વિલેજ' તરીકે વિકસાવવામાં આવશે. દરેક સ્માર્ટ વિલેજને ત્રણ વર્ષ માટે રાજય સરકાર તરફથી વિશેષ સુવિધા આપવામાં આવશે. |
| | | ગુજરાતના ૪૮ લાખ જેટલા ખેડૂતોને સતત અને સારો વીજ પુરવઠો મળતો રહે તે માટે નાણાં પ્રધાન સૌરભ પટેલ દ્વારા ખુશી યોજનાની જાહેરાત કરવામાં આવી. |
| ૨૫ ફેબ્રુ | | કેન્દ્રીય રેલમંત્રી સુરેશ પ્રભુએ રેલ બજેટ વર્ષ – ૨૦૧૬/૧૭ ના વર્ષમાં ૧૦૦ રેલ્વે સ્ટેશન પર વાઈફાઈ સગવડ ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરી. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૨૬ ફેબ્રુ | | ગુજરાત સરકારે જી.સી.ઈ.આર.ટી ના નિયામક તરીકે એચ.એન.ચાવડા અને પ્રાથમિક શિક્ષણ નિયામક તરીકે એમ.આર.જોષીને નિયુકત કર્યા. |
| ૨૭ ફેબ્રુ | | સને – ૨૦૧૬ ના વર્ષનો ૨૫ મો વ્યાસ સન્માન પુરસ્કાર હિન્દી ભાષાના પ્રખ્યાત લેખિકા ડૉ.સુનિતા જૈનને તેમના કાવ્યસંગ્રહ ‘ક્ષમા’ માટે આપવાની જાહેરાત કરવામાં આવી. |
| ૨૮ ફેબ્રુ | | વડોદરાની પ્રિયા પરમારે ઉત્તરપ્રદેશના વૃંદાવન ખાતે યોજાયેલા ઓલ ઈન્ડિયા મેજિક કન્વેન્શનમાં યોજાયેલી નેશનલ સ્પર્ધામાં બેસ્ટ મેજીશીયનની ટ્રોફી હાંસલ કરી. |
| ૨૯ ફેબ્રુ | | એનસીસીના નવા એડિશનલ ડાયરેકટર તરીકે મેજર જનરલ સુભાષ શરનને નિયુકત કરવામાં આવ્યા. તેઓ નિવૃત થતા મેજર જનરલ સંજીવ શુકલાનો કાર્યભાર સંભાળશે. |

જ્ઞાન ઝલક

# વીસરાયેલી ક્ષણો માર્ચ – ૨૦૧૬

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧ માર્ચ | | આંદોમાન નિકોબારના કમાન્ડર ઈન ચીફનો હોદ્દો વાઈસ એડમિરલ વિમલ શર્માએ સંભાળ્યો. |
| | | ૮૮ મા એકેડમી એવોર્ડ (ઓસ્કર) સમારોહમાં લિઓનાર્દો કેપ્રિયોને બેસ્ટ એકટર તરીકે, બેસ્ટ ફિલ્મ તરીકે સ્પોટલાઈટને, બેસ્ટ એકટ્રેસ તરીકે બ્રિ લાર્સનને ઓસ્કર એવોર્ડ આપવામાં આવ્યો. |
| | | ઈન્કમટેક્ષની નવી જોગવાઈ મુજબ કરદાતાઓએ વર્ષમાં ચાર વાર ૧૫ માર્ચ, ૧૫ જૂન, ૧૫ સપ્ટે, ૧૫ ડિસે એડવાન્સ ટેક્ષ ભરવો પડશે. |
| | | કેન્દ્ર સરકારે કેન્દ્રિય બજેટમાં ૬૨ નવોદય વિદ્યાલયો દેશભરમાં ઉભા કરવાની જાહેરાત કરી. |
| ૨ માર્ચ | | ૮૮ મા ઓસ્કાર એવોર્ડને પ્રેઝન્ટ કરનાર પ્રથમ ભારતીય પ્રિયંકા ચોપડા બનેલ છે. |
| ૩ માર્ચ | | ભારતના ચૂંટણી પંચે પોતાના પ્રચાર પ્રસાર અભિયાન માટે હિન્દી ફિલ્મ જગતના એકટર રજનીકાંતને લેવાનો નિર્ણય કરેલ છે. |
| ૪ માર્ચ | | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેતુ ભારતમ્ પ્રોજેકટ લોન્ચ કર્યો. આ પ્રોજેકટ માટે ૧૦,૨૦૦ કરોડના બજેટ દ્વારા આઝાદી પહેલાં બનેલા પુલો ફરીથી બનાવવામાં આવશે. તેમજ રસ્તાઓનો વિકાસ કરવામાં આવશે. |
| ૫ માર્ચ | | મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહિલા અને યુવતીઓને ઈન્ટન્ટ સલાહ, બચાવ, મદદ, સૂચન અને માર્ગદર્શન મળી રહે તે માટે ૧૮૧ અભયમ્ એપ લોન્ચ કરી. |
| | | ફિલ્મ ઈન્ડસ્ટ્રીના લોકપ્રિય પીઢ અભિનેતા મનોજકુમારને પ્રતિષ્ઠિત દાદા સાહેબ ફાળકે પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી. |
| | | ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ સુધીર માંકડની રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના બોર્ડમાં નોન ઓફિશિયલ ડાયરેકટર્સ તરીકે ચાર વર્ષ માટે નિમણૂંક કરવામાં આવી. |
| ૬ માર્ચ | | પ્રખ્યાત લેખિકા અને કવયિત્રી પદ્મા સચદેવને ડોંગરી ભાષાના સાહિત્યમાં પ્રદાન બદલ કલકત્તાની ‘ભારતીય ભાષા પરિષદ’ દ્વારા ‘કર્તવ્ય સમગ્ર સન્માન’ ૨૦૧૬ પ્રદાન કરવામાં આવ્યો. |
| ૭ માર્ચ | | મદ્રાસ હાઈકોર્ટના આદેશ અનુસાર તમિલનાડુ રાજયમાં આવેલી તમામ ખાનગી શાળાઓમાં સવારની પ્રાર્થનાની સાથે રાષ્ટ્રગીત ગાવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું. |
| ૮ માર્ચ | | ઉત્તર મહારાષ્ટ્રમાં બગલાન તાલુકાના તેહરાબાદ નજીક માંગીતુંગી પર્વત પર આવેલી જૈનોના પ્રથમ તિર્થંકર ઋષભદેવ ભગવાનની ૧૦૮ ફૂટ ઉંચી જૈન પ્રતિમાએ ‘ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ’ માં સ્થાન મેળવ્યું. |
| ૯ માર્ચ | | આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે જેલમાં નિસ્વાર્થ સેવા આપવા બદલ મહિલા અને બાળ વિકાસ મંત્રી મેનકા ગાંધી દ્વારા ભારતની કુલ ૨૫ મહિલા કેદીની સાથે ગુજરાતની ત્રણ મહિલા કેદી રમીલાબેન પંચાલ, રોશનબેન ભવર, ડોલીબેન જયસ્વાલને એવોર્ડ આપવામાં આવ્યો. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૧૦ માર્ચ | | ગુજરાત સરકારની નવી સ્પોર્ટ્સ પોલીસીની જાહેરાત મુજબ ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતનારને ૫ કરોડ, સિલ્વર મેડલ જીતનારને ૩ કરોડ અને બ્રોઝ મેડલ જીતનારને ૨ કરોડની રોકડ રકમનું ઈનામ આપવામાં આવશે. |
| ૧૧ માર્ચ | | ગુજરાત સરકારે ખેડૂતોની ખેતીની જમીન પરના હક્કને સુરક્ષિત કરતી નીતિની જાહેરાત કરી. નવી નીતિ મુજબ વારસાઈ હક્કથી મળતી જમીનમાં સ્ટેમ્પ ડયુટી ભરવામાંથી મુકિત અપાઈ. |
| | | આંધ્રપ્રદેશના શ્રી હરિકોટાના સતિષ ધવન સ્પેસ પોર્ટ ખાતેથી ઈસરો દ્વારા છટ્ઠા નેવિગેશન સેટેલાઈટ IRNSS – IF નું લોન્ચિંગ કરવામાં આવ્યું. |
| ૧૨ માર્ચ | | શ્રી શ્રી રવિશંકરની સંસ્થા 'આર્ટ ઓફ લિવિંગ' દ્વારા આયોજીત વિશ્વ સાંસ્કૃતિક મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ ૧૧ માર્ચથી ૧૩ માર્ચ સુધી ચાલશે. |
| ૧૩ માર્ચ | | ભારતીય રેલમંત્રાલય દ્વારા 'કલીન માય કોચ' નામની ઓનલાઈન સર્વિસ શરૂ કરવામાં આવેલ છે, તે મુજબ રેલવેમાં સફર કરનારા યાત્રીઓ ૫૮૮૮૮ પર એસ.એમ.એસ કરીને રેલવે કોચની સફાઈ કરાવી શકશે. |
| ૧૪ માર્ચ | | રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે ૯૧ વર્ષ પછી પોતાનો ગણવેશ બદલીને ખાખી ચડ્ડીને બદલે ભૂરા રંગનું પેન્ટ રાખવાનો નિર્ણય કર્યો. |
| ૧૫ માર્ચ | | વિધાનસભામાં વાહન મંત્રી દ્વારા માર્ગ સલામતી અંગેની નવી પોલીસીની જાહેરાત કરવામાં આવી. માર્ગ અકસ્માતમાં ઘવાયેલા વ્યકિતઓને ઝડપથી સારવાર મળી રહે તે માટે એર એમ્બ્યુલન્સ (હેલિકોપ્ટર)ની પણ વ્યવસ્થા કરવામાં આવશે. |
| ૧૬ માર્ચ | | ભારતે સ્વદેશી બનાવટની અગ્નિ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ. આ મિસાઈલ ૯ મિનિટ ૩૬ સેકન્ડમાં ૭૦૦ કિ.મી.નું અંતર કાપી શકે છે. |
| ૧૭ માર્ચ | | કેન્દ્રિય સૂચના અને પ્રસારણ મંત્રી રવિશંકર પ્રસાદને કટરા ખાતે આવેલા વૈષ્ણોદેવી ધામમાં વાઈફાઈ ઈન્ટરનેટ સેવાનો દિલ્લીથી શુભારંભ કરાવ્યો. |
| | | પ્રધાન મંત્રીએ નવી દિલ્લી ખાતે ૪ દિવસ ચાલનારા સૂફી સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યુ. |
| ૧૮ માર્ચ | | સંયુકત રાષ્ટ્રસંઘે જાહેર કરેલી યાદી મુજબ વિશ્વનો સૌથી ખુશ દેશ ડેન્માર્ક છે. જયારે ભારતનો ક્રમ ૧૧૮ મો છે. |
| | | બાળકોને અવનવી બાબતો શીખવવામાં પ્રદાન આપનારા પેલેસ્ટાઈનના શિક્ષક હનાનઅલ રુબનને ગ્લોબલ ટીચર એવોર્ડ અંતર્ગત દસ લાખ ડોલરનું ઈનામ આપીને સન્માનિત કરાયા. |
| ૧૯ માર્ચ | | કેન્દ્રિય રેલવે મંત્રાલય દ્વારા ભારતના રેલવે સ્ટેશનોમાં સૌથી ચોખ્ખા રેલવે સ્ટેશન તરીકે સુરતને જાહેર કરવામાં આવ્યું. |
| | | જાણીતા ગુજરાતી સાહિત્યકાર કુમાળપાળ દેસાઈને 'અહિંસા રત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવશે. આ એવોર્ડ વિશ્વ શાંતિ, મૈત્રી અને અહિંસાની ભાવનાનો પ્રચાર–પ્રસાર કરનારને અપાય છે. |
| ૨૦ માર્ચ | | ૧૯ માર્ચ ૨૦૧૬ ના દિવસે ઉર્જા બચત માટે વૈશ્વિક અભિયાન 'અર્થ અવર' સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવ્યું. |

| તારીખ | | માસના બનાવો |
|---|---|---|
| ૨૧ માર્ચ | | આજનો દિવસ વિશ્વ કવિતા દિવસ તરીકે ઉજવાય છે. યુનેસ્કો દ્વારા ૧૯૯૯ થી ઉજવાય છે. વિશ્વની સૌથી જૂની કવિતા ‘એપિક ઓફ ગિલગામેશ’ બેબિલોનના રાજા ગિલગામેશના માનમાં ચાર હજાર વર્ષ પહેલાં પથ્થર પર લખાઈ હતી. |
| ૨૨ માર્ચ | | સંયુકત રાષ્ટ્રો (યુનેસ્કો)ની વર્લ્ડ નેટવર્ક ઓફ બાયોસ્ફિયર રિઝર્વની યાદીમાં દક્ષિણ ભારતના પશ્ચિમ ઘાટમાં આવેલા અગસ્થ્યામાલા જીવારણ અભ્યારણનો સમાવેશ કરવામાં આવ્યો. હાલ આ અભ્યારણ તમિલનાડુ અને કેરલમાં પથરાયેલું છે. |
| | | વૈશ્વિક એજન્સી વોટર એડ દ્વારા તૈયાર કરાયેલા અહેવાલ મુજબ સુરક્ષિત પાણી ન મેળવી શકતા લોકો ભારતમાં છે. જયારે ચીન બીજા ક્રમે, નાઈજિરિયા ત્રીજા ક્રમે, જયારે પાકિસ્તાન દસમા નંબરે છે. |
| ૨૩ માર્ચ | | કેન્દ્રીય મંત્રીમંડળની નિયુકતી સમિતિ દ્વારા કેન્દ્રીય પ્રશાધનિક અધિકરણ (CAT) ના અધ્યક્ષ તરીકે ન્યાયમૂર્તિ પ્રમોદ કોહલીની નિમણૂંક કરવામાં આવી. |
| ૨૪ માર્ચ | | કેન્દ્રીય મંત્રી મંડળ દ્વારા સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના માટે વિશ્વબેંકની ૧૫૦૦ મિલિયન ડોલર વાળી યોજનાને મંજૂરી આપવામાં આવી. |
| ૨૫ માર્ચ | | ગોવામાં ૨૮ માર્ચથી શરૂ થતા ડિફેકસપો નામના ચાર દિવસીય પ્રદર્શનમાં રશિયા ટૂંકા અંતરની બેલાસ્ટિક મિસાઈલ અને એન્ટિટેન્ક શસ્ત્ર પદ્ધતિને રજૂ કરશે. |
| ૨૬ માર્ચ | | આરોગ્ય મંત્રાલયે ભારતમાં સૌ પ્રથમ રોટા વાઈરસની વેકિસન લૉન્ચ કરી. આરંભે ભારતના ચાર રાજયો ઓડિસા, હિમાચલ પ્રદેશ, હરિયાણા અને આંધ્રપ્રદેશ જેવા ચાર રાજયોમાં રોટા વાઈરસની રસી આપવાની શરૂઆત થઈ. |
| ૨૭ માર્ચ | | તમિલનાડુમાં મતદારોને મતદાન માટે જાગૃત કરવા વિલાનલ્લડપુર યુનિયન મિડલ સ્કૂલમાં અભ્યાસ કરી રહેલી ૭ વર્ષીય પ્રીતિ ચેય્યરને વિધાનસભા મતદાન વિસ્તાર માટે ચૂંટણી પંચની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવી. |
| ૨૮ માર્ચ | | બ્રિટનમાં વેમથ શહેરમાં સેન્ડ વર્લ્ડ નામનો ફેસ્ટિવલ ૨૬ માર્ચથી શરૂ થયો જે ૩૦ ઓકટોબર સુધી ચાલશે. આ ફેસ્ટિવલનો હેતુ દુનિયાભરનાં સૌથી સારાં રેત શિલ્પકારોને એક છત નીચે લાવવાનો છે. ‘સેન્ડ વર્લ્ડ ૨૦૧૬’ની થીમ ‘અ લાઈફ ઓન અર્થ’ છે. આ સમારોહના સહસંસ્થાપક માર્ક એન્ડરસન છે. |
| ૨૯ માર્ચ | | ગુજરાત સરકારે રમતગમતમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપનારા ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા નિવૃત રમતવીરોનું માસિક પેન્શન રૂા. ૧૫૦૦ થી વધારી રૂા. ૩૦૦૦ કોઈપણ જાતની આવક મર્યાદા વગર ૨૦૧૬/૧૭ના વર્ષથી આપવાનો નિર્ણય કર્યો. |
| ૩૦ માર્ચ | | ૬૪ મા નેશનલ એવોર્ડની જાહેરાત મુજબ અમિતાભ બચ્ચનને બેસ્ટ એકટર અને કંગના રનોતને ‘તનુ વેડસ મનુ રિટનર્સ’માં શ્રેષ્ઠ રોલ કરવા બદલ બેસ્ટ એકટ્રેસનો એવોર્ડ આપવામાં આવશે. |
| ૩૧ માર્ચ | | ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બેલ્જિયમના વડાપ્રધાન ચાર્લ્સ મિશેલે એશિયાના સૌથી મોટા એપ્ટિકલ ટેલિસ્કોપનું ઉદ્‌ઘાટન રિમોટ વડે ૬૫૦૦ કિ.મી. દૂર બેલ્જિયમ ખાતેથી કર્યુ. આ ટેલિસ્કોપ ઉત્તરાખંડના નૈનિતાલ પાસે દેવસ્થલ ખાતે બનાવવામાં આવ્યું છે. તેનું સંચાલન ભારતીય સંસ્થા ‘આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટટયૂટ ઓફ ઓબ્ઝર્વેશન સાયન્સ (એરિસ)’ કરશે. |